ક્રમાંક/મહેકમ/૬૭૫

કમિશનર કચેરી
(મહેકમ શાખા)
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર
તા.૨૯/૮/૨૦૨૪

વંચાણ સંદર્ભ:-

(૧) ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરનાં તા.૨૪/૧૦/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:યુએચપી/૧૦૨૦૧૯/૮૧૨/ઘ

(૨) અધિક નિયામકશ્રી (જા.આ.)આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.) ગાંધીનગરના પત્ર નં. અહેપ્રો/મનપા/મંજુર/રા.સ.બજેટ/મહેકમ/રેગ્યુલર ભરતી/યુએચ-૧ ફા.ન.૧૧/૨૦૧૯/ તા. ૩/૧/૨૦૨૦

(૩) ભાવનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટિ ઠરાવ આક નં.૫, તા.૧૫/૪/૨૦૨૦

(૪) ભાવનગર મહાનગરપાલિકાની સાધારણ સમગ્ર સભા ઠરાવ આક નં.૫, તા.૩૦/૫/૨૦૨૦

(૫) ભાવનગર મહાનગરપાલિકાની પસંદગી સમિતીનો તા.૧૫/૧/૨૦૨૪ નો અહેવાલ

(૬) ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:સીઆરઆર -૧૧-૨૦૦૮ -૪૩૩૭૧-ગ.૫, તા. ૪/૬/૨૦૦૯ તથા વખતોવખતના સુધારાઓ (નિમણુંકની શરતો )

(૭) ગુજરાત સરકારશ્રીના નાણાંવિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક - ખરચ/૨૦૦૨/૫૭- (પાર્ટ-૨) ઝ.૧, તા. ૨૦/૧૦/૨૦૧૫ તથા તા. ૨૮/૩/૨૦૧૬, તા.૧૨/૭/૨૦૧૬ (પગાર ભથ્થા અન્ય લાભો)

(૮) ગુજરાત સરકારશ્રીના નાણાંવિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક--ખરચ/૨૦૦૨૫૭- (પાર્ટ-૨)ઝ.૧, તા.૧૮/૧/૨૦૧૭ ( ફીકસ પગારની અજમાયશી યોજના)

(૯) ભાવનગર મહાનગરપાલિકાની પસંદગી સમિતીનો તા.૨૧/૮/૨૦૨૪ નો અહેવાલ

---

હુકમ:-

ભાવનગર મહાનગરપાલિકામાં યુ.પી.એચ.સી. તથા યુ.સી.એચ.સી. માટે "**મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર**" ની કુલ-૩૦ જગ્યાઓ ભરવા માટે ઓનલાઈન અરજીઓ મેળવી સ્પર્ધાત્મક પરીક્ષાના અંતે ભાવનગર મહાનગરપાલિકાની પસંદગી સમિતિના અહેવાલ મુજબ ઉમેદવારો ધ્વારા રજુ થયેલ પ્રમાણપત્રોની જે તે સંલગ્ન સંસ્થા ધ્વારા થનાર ફેર ચકાસણીને આધિન વં. સં.-(૫) થી કુલ-૩૦ ઉમેદવારોની કેટેગરીવાઈઝ નિમણુંક આપવામાં આવેલ હતી, તે પૈકી ૧ (એક) ઉમેદવાર દ્રારા સ્વૈચ્છિક રાજીનામું મુકેલ હોવાથી તે જ કેટેગરીના ઉમેદવારથી વંચાણ સંદર્ભ-(૯) થી નીચે દર્શાવેલ ઉમેદવારને નિમણૂંકવાળી જગ્યાએ હાજર થાય તે તારીખથી પાંચ વર્ષ સુધી કરારના ધોરણે નીચે જણાવેલ શરતોને આધિન મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની જગ્યા પર નિમણૂંક આપવાનો હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની કેટેગરી | નિમણુંકની કેટેગરી |
|---|---|---|---|
| ૧ | શ્રી મેહુલકુમાર મેઘજીભાઈ પરમાર | અનુસુચિત જાતિ | અનુસુચિત જાતિ |

-: શરતો :-

(૧) આ નિમણુંક હુકમ તમોના દ્રારા રજુ કરેલ પ્રમાણપત્રોની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ કરવામાં આવેલ છે. જરૂર જણાય તમોના દ્રારા રજુ કરેલ પ્રમાણપત્રોની જે તે સંલગ્ન સંસ્થા દ્રારા ફેરચકાસણી કરવા મોકલવામાં આવશે. જો ફેરચકાસણીમાં તમો દ્રારા રજુ થયેલ પ્રમાણપત્રોની માન્યતા તેમજ પ્રમાણપત્રોમાં કોઈ વિસંગતતા કે ગેરરીતી કે ક્ષતિ માલુમ પડશે તો આ નિમણુંક આપોઆપ રદ ગણાશે. તેમજ ઉમેદવાર સામે ધારાધોરણસરની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.



કોમ્પ્યુટર વિભાગ
ઇન્વર્ડ નંબર 1427
તા.૨૯/08/2024

(૨) વં. સં.(૬),(૭) અને (૮) ની જોગવાઈ અને સરકારશ્રી ધ્વારા વખતો વખત સુધારે તેવી જોગવાઈ અને નિયમોને આધિન મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર વર્ગ–૩ ના સંવર્ગમાં પાંચ વર્ષ સુધી કરારના સમયગાળા દરમ્યાન રૂા.૨૬,૦૦૦/– માસિક ફિકસ વેતન મળવાપાત્ર રહેશે.

(૩) ઉમેદવારે સરકાર ઠરાવે તેવી તાલીમ તેટલી મુદત માટે લેવી પડશે અને તાલીમ પછીની પરીક્ષા અને ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે. પાયાની તાલીમમાં મોકલવામાં આવે ત્યારે પ્રવર્તમાન જોગવાઈ મુજબનું બોન્ડ તેઓ પાસેથી મેળવવાનું રહેશે.

(૪) ઉમેદવાર નિમણૂંક સ્થળે હાજર થયા બાદ તેમની પાસેથી સારી ચાલચલગતનું પ્રમાણપત્ર તથા તેઓની સામે કોઈ પોલીસ તપાસ ચાલતી નથી તે અંગેનું સંબંધિત પોલીસ સ્ટેશનનું પ્રમાણપત્ર ઉમેદવારે રજુ કરવાનું રહેશે.

(૫) કરારનાં ધોરણ નિમણૂંક પામેલ ઉમેદવારે શારીરીક યોગ્યતાનું પ્રમાણપત્ર સીવીલ સર્જન પાસેથી મેળવીને પ્રથમ પગારબીલ સાથે રાખવાનું રહેશે.

(૬) આ નિમણૂંક તદ્દન કરારનાં ધોરણે રહેશે. કરારનાં ધોરણે નિમણૂંક પામેલા ઉમેદવારને જગ્યાના અભાવે કે સક્ષમ સત્તાધિકારી ધ્વારા કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસરી કરવામાં આવેલ તપાસના અંતે પ્રસ્થાપિત થતી ગેરવર્તણુંક, અને ગંભીર પ્રકારની ગેરરીતીનાં કારણોસર અથવા જગ્યાની ફરજો બજાવવા માટે યોગ્યતા કે ક્ષમતાના અભાવ( કે જે વાર્ષિક મૂલ્યાંકનના આધારે પ્રસ્થાપિત થાય) તેવા પ્રસંગે એક માસની નોટીસ આપી અથવા એક માસનું ફિકસ પગારનું ચુકવણું કરી નોટીસ આપ્યા સિવાય તેઓની કરાર આધારિત નિમણૂંકનો અંત લાવવામાં આવશે એ જ પ્રમાણે કર્મચારીએ પણ કામગીરીમાં ચાલુ રહેવા ઈચ્છતા ન હોય તો તેઓ એક માસની નોટીસ/નોટીસ પે તથા કમિશનરશ્રી દ્વારા ઠરાવવામાં આવે તેટલી બોન્ડની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૭) પ્રથમ પાંચ વર્ષના સમયગાળામાં તેઓની પ્રતિ વર્ષ ૧૨(બાર) પરચુરણ રજાનો લાભ અને આકસ્મિક સંજોગો માટે વાર્ષિક ૧૫(પંદર) ખાસ વધારાની રજા મળશે જે આગામી વર્ષમાં આગળ ખેંચી શકાશે પરંતુ આવી રજા ૩૦(ત્રીસ) થી વધુ જમા થઈ શકશે નહિ જયારે પોતાની ગંભીર બિમારી કે અકસ્માતના કારણે થયેલ ગંભીર ઈજામાં ખાસ રજા ખાતાના સંબંધિત વિભાગની મંજુરી લેવાની રહેશે. મહિલા કર્મચારીઓ માટે કરારના સમયગાળા દરમ્યાન જી.સી.એસ.આર. નિયમો–૨૦૦૨ તથા સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર રહેશે. પુરૂષ કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ ના નિયમ–૭૦ તથા સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ પિતૃત્વની રજાઓનો લાભ મળવાપાત્ર થશે. ઉકત જોગવાઈ સિવાય અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહિ અને ફરજ પરની ગેરહાજરીનો પગાર કપાત કરવામાં આવશે અને કરારનો સમયગાળો લંબાવવામાં આવશે.

(૮) કરાર આધારિત નોકરીમાં નિમણૂંકનાં સમયગાળા દરમ્યાન ઉમેદવાર મૃત્યુ પામે તેવા કિસ્સામાં તેમણે બજાવેલી ફરજનાં સમયગાળાનાં ફીકસ વેતન, લેણી રકમ, તેમનાં કુટુંબીજનોને મળવાપાત્ર થશે પરંતુ પેન્શન/ ગ્રેચ્યુઈટી તેમજ બીજા નાણાંકીય લાભ કે એકસગ્રેસીયા લાભો મળવાપાત્ર રહેશે નહિં.

(૯) કરાર આરાધિત નિમણૂંકમાં પાંચ વર્ષ પુરા થયે નિયમિત નિમણૂંક અંગે તમામ શરતો પૂર્ણ થયે નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવે ત્યારે નાણાંવિભાગના તા.૧૮/૧/૨૦૧૭ના ઠરાવની જોગવાઈ અનુસાર પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવર્તતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતી સમયે નિવૃતી વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવામાં આવશે.

(૧૦) વ્યવસાય વેરાની કપાત ફિકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

(૧૧) તેઓની સેવાપોથી નિભાવવાની રહેશે અને જન્મ તારીખની ખરાઈ અંગેની વિગતો ફરજ ઉપર હાજર થાય તે સમયે કરી નોંધ કરવાની રહેશે.

(૧૨) કરારના ધોરણે નિમણૂંકના પાંચ વર્ષના સમયગાળામાં કરારના ધોરણે નિમણૂંકના પાંચ વર્ષના સમયગાળામાં સરકારશ્રી ધ્વારા ઠરાવેલા નમુનાનું કામગીરી મુલ્યાંકન અહેવાલ ભરવાના રહેશે. પાંચ વર્ષ બાદ તેમને નિયમિત જગ્યા પર નિમણૂંક આપવાની વિચારણા કરતી વખતે આ કામગીરી મુલ્યાંકન અહેવાલ ધ્યાને લેવાનો રહેશે.

(૧૩) સરકાર તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નકકી થાય તે પણ કરાર આધારિત નિમણૂંક પામેલ કર્મચારીને બંધનકર્તા રહેશે.

(૧૪) કરાર આધારિત નિમણૂંક પામેલ ઉમેદવારેમલ્ટી પર્પઝ હેલ્થ વર્કરમાં જે ફરજો બજાવવાની થતી હોય તેવી તમામ ફરજો બજાવવાની રહેશે.

(૧૫) કાર્યમથક પરનાં રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

(૧૬) આ કરાર આધારિત પાંચ વર્ષની મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની સેવા પુરી થયા પછી નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા. ૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ તથા તા. ૨૯/૯/૨૦૦૬ ના પરીપત્રની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા. ૧/૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે તથા આ અંગે વખતોવખત બહાર પડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો લાગુ પડશે.

(૧૭) કરાર આધારિત નિમણૂંક એ નિયમિત નિમણૂંક ન હોઈ નિયમોમાં જોગવાઈ કરેલ હોય તે સિવાય ગુજરાત મુલ્કી સેવા નિયમો, પ્રતિનિયુકિત કે આંતર જિલ્લા ફેરબદલીનાં નિયમો લાગુ પડશે નહીં.

(૧૮) કોમ્પ્યુટર કૌશલ્યના તાલીમ અને પરિક્ષા નિયમો–૨૦૦૬ ની જોગવાઈ મુજબ સરકારી સેવામાં દાખલ થયા બાદ સરકારશ્રીના અભ્યાસક્રમ મુજબની સી.સી.સી. પરિક્ષા સરકાર ધ્વારા માન્ય કેન્દ્રો ધ્વારા લેવાય તેમાં ઉપસ્થિત રહીને પસાર કરવાની રહેશે. અરજી સમયે રજુ કરેલ સી.સી.સી. સર્ટી સરકારી નોકરીમાં દાખલ થવા માટેની આ લાયકાત એક પૂર્વ લાયકાત તરીકે છે. જેથી પસંદગી યાદી બાદ સરકારશ્રીની ખાતાકીય તાલીમ ભાગરૂપે અજમાયશી સમય દરમ્યાન સરકારે ઠરાવેલી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો–૨૦૦૬ ની સી.સી.સી.ની સરકારશ્રીના પરિક્ષા કેન્દ્રો ધ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે.

(૧૯) કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકશે નહિં જાહેર રજાના દિવસોએ પણ સરકારી/ કચેરીની કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃતિમાં ભાગ લઈ શકશે નહીં.

(૨૦) ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવની જોગવાઈ મુજબ આ જગ્યાઓના મહેકમ ખર્ચની નાણાંકીય જોગવાઈ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત સરકારશ્રી ધ્વારા થનાર છે તથા તે અનુસાર રાજય સરકારશ્રીને જરૂર જણાય તો ઉકત મહેકમને રાજય સરકારશ્રીમાં પ્રતિનિયુકિત પર લઈ શકશે. પ્રતિનિયુકિત પર આવેલ મહેકમને સરકારશ્રી રાજયના કોઈપણ સ્થળે ફરજ બજાવવા મુકી શકશે.

(૨૧) ભાવનગર મહાનગરપાલિકાની સેવા અન્ય મહાનગરપાલિકામાં બદલીને પાત્ર નથી. આથી આ નિમણુંક પામેલ ઉમેદવારની અન્ય મહાનગરપાલિકામાં કે સરકારશ્રીનાં અન્ય વિભાગોમાં બદલી થઈ શકશે નહી તેમજ પ્રતિનિયુકિતની માંગણીઓ પણ કોઈપણ સંજોગોમાં ગ્રાહય રાખવામાં આવશે નહી આ શરત તમોને બંધનકર્તા રહેશે. આમ છતા આપના દ્વારા આવી બદલી કે પ્રતિનિયુકિતની માંગણી કર્યેથી આપની વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૨૨) નિમણુંક થયેલ ઉમેદવારે કમિશનરશ્રી દ્વારા ઠરાવવામાં આવે તેવું તથા તેટલી રકમનું બૉન્ડ ભરવાનું રહેશે. નિમણુંક થયેલ ઉમેદવાર નિમણુંકવાળી જગ્યા ઉપર હાજર થયેથી આ શરત બંધનકર્તા રહેશે.

આ નિમણૂંક આદેશ મળ્યેથી ઉમેદવારે દિવસ–૧૦ (દશ) માં ભાવનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખામાં હાજર થવાનું રહેશે અને આ સાથે સામેલ પત્રક–૧ મુજબ ૧ થી ૧૬ શરતો માન્ય છે. તે મતલબની પત્રક–૨ માં બાંહેધરી સંબંધિત કચેરીના વડાને રજુ કરવાની રહેશે. નિયત કરવામાં આવેલ ૧૦ (દશ) દિવસની મુદતમાં હાજર નહી થાય અથવા તો મુદત લંબાવવા માટે કોઈ રજુઆત સક્ષમ અધિકારી ધ્વારા માન્ય રાખવામાં આવેલ નહી હોય તો આ નિમણૂંકનો આદેશ રદ કરવામાં આવશે.

કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

<u>નકલ સવિનય જાણ સારૂ :–</u>

(૧) સચિવશ્રી, મ.ન.પા.ભાવનગર.

<u>નકલ જાણ તથા અમલ થવા સારૂ :–</u>

(૧) શ્રી.........................................
.............................................
(૨) આરોગ્ય વિભાગ
(૩) ઓડીટ વિભાગ
(૪) એકાઉન્ટ વિભાગ
(૫) સેન્ટ્રલ એસ્ટા. વિભાગ
(૬) કોમ્પ્યુટર વિભાગ..... ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.
(૭) સબંધીત પ્રકરણે

## પત્રક–૧

**કરાર આધારે ફીકસ પગારથી ભાવનગર મહાનગરપાલિકાના યુ.સી.એચ.સી. તથા યુ.પી.એચ.સી. માં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર સંવર્ગમાં નિમણૂંક મેળવનાર કર્મચારીની સેવાની શરતો અને બોલીઓ :**

(૧) ઉમેદવારને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર વર્ગ–૩ના સંવર્ગમાં નાણાં વિભાગના તા.૧૮/૧/૨૦૧૭ ના ઠરાવની જોગવાઈ અનુસાર કરારના ધોરણે માસિક ફિકસ પગાર રૂા.૨૬,૦૦૦/– અંકે રૂપીયા છવ્વીસ હજારથી તેઓ હાજર થાય તે તારીખથી પાંચ વર્ષના સમયગાળા માટે કરાર આધારે નિમણૂંક આપવામાં આવે છે. તેઓના મહેનતાણાને રક્ષણ આપવામાં આવશે. આ નિમણૂંક નામદાર સુપ્રિમ કોર્ટમાં નોંધાવવામાં આવેલ એસ.એલ.પી.નં.૧૪૧૨૪– ૧૪૧૨૫ / ૨૦૧૨ ના આખરી ચુકાદાને આધીન રહેશે.

(૨) ઉમેદવારને કરારીય સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારી તરીકે મળતા લાભો પૈકીના કોઈ લાભો મળવાપાત્ર રહેશે નહી કે તેઓ આવા લાભોની માંગણી કરી શકશે નહી.

(૩) ઉમેદવારને કરારીય સમયગાળા દરમ્યાન સરકારી કામકાજ અર્થે મુસાફરી કરવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તેમને નાણાં વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ ના પરીપત્ર ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ–૨) ઝ–૧, ની જોગવાઈ મુજબ મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું મળવા પાત્ર રહેશે.

(૪) (અ) ઉમેદવારને કરારના સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે–૧૨ (બાર) પરચુરણ રજાઓ મળવાપાત્ર થશે.

(બ) ઉમેદવારને કરારીય સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે આકસ્મિક સંજોગો માટે ૧૫ ખાસ રજાઓ મળવાપાત્ર થશે. તેમજ પછીના વર્ષમાં આગળ ખેંચી શકાશે પરંતુ આવી રજાઓ ૩૦ થી વધુ જમા થઈ શકશે નહી. આ રજાઓ કોઈપણ હેતુ માટે વાપરી શકાશે. જેને ખાસ રજા તરીકે ગણવાની રહેશે આ રજાઓ સક્ષમ અધિકારી પ્રાપ્ત રજાના નિયમ મુજબ મંજુર કરી શકશે. આ રજાઓ કેલેન્ડર વર્ષ શરૂ થતાં જાન્યુઆરી માસમાં જમા થશે.

(ક) ઉમેદવારને કરારીય સમયગાળા દરમ્યાન પોતાની ગંભીર બિમારી કે અકસ્માતના કારણે થયેલી ગંભીર ઈજાના સંજોગોમાં તેઓને ખાસ રજા મંજુર કરવા એમ.ઓ.એચ.શ્રીની મંજુરી મેળવી રજા મંજુર કરી શકશે. અને આ રજાના સમયગાળા દરમ્યાનના નિયમોનુસાર પગાર–ભથ્થા મળવાપાત્ર થશે.

(ડ) ઉમેદવાર નાણાં વિભાગના તા.૧૦/૦૬/૨૦૧૪ ની જોગવાઈ મુજબ કરારીય સમયગાળા દરમ્યાન ગુજરાત મુલ્કી સેવા નિયમો–૨૦૦૨ તેમજ સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે. અને સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૬/૨૦૧૫ ની જોગવાઈ અનુસાર આ રજા કરાર આધારીત સમયગાળામાં ઉમેરવાની રહેશે નહી.

(૫) ઉમેદવારને કરારીય સમયગાળા દરમ્યાન ઉપરોકત (૪) સિવાયની અન્ય કોઈ રજાઓ મળવાપાત્ર થશે નહી. તે સિવાય ફરજ પરથી ગેરહાજર રહેશે તો તેવી ગેરહાજરીના દિવસના વેતનના વેતનની કપાત ફિકસ પગારમાંથી કરી લેવામાં આવશે. તેમજ તેટલો કરારીય સમયગાળો લંબાવવામાં આવશે.

(૬) ઉમેદવારનો આ કરારીય સેવાનો સમયગાળો નાણાં વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવની જોગવાઈ અનુસાર પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવર્તતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતી સમયે નિવૃતી વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવાનો રહેશે.

(૭) ઉમેદવારે શાખા / કચેરીના તરતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા સોંપવામાં આવે તેવી ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

(૮) ઉમેદવારે સામાન્ય રીતે કચેરી સમય દરમ્યાન ફરજો બજાવવાની રહેશે પરંતુ તેમ છતા સંબંધિત ઉપરી અધિકારી દ્વારા સુચના આપવામાં આવે ત્યારે તેમણે કચેરી સમય સિવાયના સમયે પણ ફરજો બજાવવાની રહેશે.

(૯) ઉમેદવારને સમાન અથવા ઉપલી જગ્યાનો હવાલો સોંપવામા આવે તો આ ફિકસ પગારના કર્મચારીને અનુક્રમે મળવાપાત્ર મહેનતાણાના પાંચ ટકા / દશ ટકા વધારાનું મહેનતાણું મળવાપાત્ર થશે.

(૧૦) ઉમેદવાર કરારના નિમણૂંકના સમયગાળા દરમ્યાન ગુજરાત રાજય સેવા (વર્તણુંક) નિયમો–૧૯૭૧ થી વર્તણુંક અંગેના જે નિયમો નિયત કરવામાં આવેલ છે તે તેમજ જી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ વર્તણુંક કરે તે અપેક્ષિત છે.

(૧૧) ઉમેદવારે સાથે બીડેલ પત્રક–૨ પ્રમાણેની બાંહેધરી આપવાની રહેશે.

(૧૨) ઉમેદવારને નીચેની બાબતો લક્ષમાં લઈ કરારના સમયગાળા બાદ સંબંધિત જગ્યા ઉપર તે જગ્યાના સાતમાં પગાર પંચ અન્વયે નિયમીત પગાર ધોરણે પે મેટ્રીકસ રૂપીયા ૧૯૯૫૦–૬૩૨૦૦ તે લેવલ–૨ માં લઘુતમ પગાર રૂા.૧૯,૯૫૦/–, અંકે રૂપીયા ઓગણીસ હજાર નવસો પચાસમાં નિમણૂંક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

(અ) ફિકસ પગારથી નિમણૂંક મેળવનાર ઉમેદવારના કરારના સમગ્ર સમયગાળાના મુલ્યાંકન અહેવાલના આધારે નિયમીત પગાર ધોરણમાં નિમણુંક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

(બ) ઉમેદવારને કરારના સમયગાળા દરમ્યાન મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની જગ્યા નિયત પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા અથવા કોમ્પ્યુટર કૌશલ્યની પરિક્ષા પાસ ન કરે તો તેમને સંબંધિત જગ્યા ઉપર નિયમીત પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવશે નહીં અને તેમની સેવાનો અંત લાવવા અંગેની વિચારણા કરવામાં આવશે.

(ક) ઉમેદવાર કરારના સમયગાળા દરમ્યાન અથવા કરારના પાંચ વર્ષનો ગાળો પુર્ણ થતા તેઓને આપેલ શરતી નિયમીત પગાર ધોરણની નિમણૂંક તારીખથી બે વર્ષની અંદર કોમ્પ્યુટર કૌશલ્યની પરિક્ષા પાસ કરવાની રહેશે અને તો જ તેઓ નિયમીત નિમણૂંકની તારીખથી પ્રવરતા મેળવી શકશે. જો તેઓ આ સમયગાળામાં કોમ્પ્યુટર કૌશલ્યની પરિક્ષા પાસ ન કરી શકે તો તેમને તાત્કાલિક અસરથી છુટા કરવાના રહેશે. કોમ્પ્યુટર કૌશલ્યની પરિક્ષા પાસ કરે ત્યારે પ્રવરતા હકકના રક્ષણ વિના સેવામાં પરત લેવામાં આવશે એટલે કે તેઓ જે તારીખે કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કરે તે તારીખથી નવેસરથી નિયમીત નિમણૂંક ગણી તે તારીખથી પ્રવરતા મળવાપાત્ર થશે.

(૧૩) ઉમેદવારને ઉપરોકત ક્રમાંક–(૧૨) ની જોગવાઈ મુજબ કરારીય સમયગાળા બાદ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર સંવર્ગમાં સાતમા પગાર પંચ અન્વયે નિયમીત પગાર ધોરણ પે મેટ્રીકસ રૂપીયા ૧૯૯૫૦––૬૩૨૦૦ પે લેવલ–૨ માં લધુતમ પગાર રૂપીયા ૧૯૯૫૦/– માં નિમણૂંક આપવામાં આવશે ત્યારે,

(અ) નાણાં વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૬ ના ઠરાવની જોગવાઈ અને નિયત થયેલ શેડયુલ પત્રક અને ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો–૨૦૧૬ ના નિયમ–૮ ની જોગવાઈ મુજબ નિયત શીડયુલમાં દર્શાવ્યા મુજબ પે મેટ્રીકસ રૂપીયા ૧૯૯૫૦–૬૩૨૦૦ પે લેવલ–૨ માં સેલ–૧ નો લધુતમ પગાર રૂપીયા ૧૯૯૫૦/– તથા તેના ઉપર નિયમાનુસાર અન્ય ભથ્થાઓ મળવાપાત્ર થશે.

(બ) કરારના સમયગાળા દરમ્યાન કરાર આધારીત નિયમો અનુસાર અને નિયમીત નિમણૂંક આપવામાં આવે તે તારીખથી તેમને સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા તમામ લાભો મળવાપાત્ર થશે. તથા સરકારના સરકારી કર્મચારી અંગેના પ્રવર્તમાન તમામ નિયમો તેમને લાગુ પડશે.

(૧૪) (અ) જગ્યાના અભાવે કે સક્ષમ સતાધિકારી દ્વારા કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસરી કરવામાં આવેલી તપાસના અંતે પ્રસ્થાપિત થતી ગેરવર્તણૂંકના કારણોસર અથવા ફીમેલ હેલ્થ વર્કર ની જગ્યાની ફરજો બજાવવા માટેની તેમની યોગ્યતા / ક્ષમતાના અભાવે ( કે જે વાર્ષિક મુલ્યાંકન અહેવાલોના આધારે પ્રસ્થાપિત થતી હોય ) તેમને એક માસની નોટીસ આપી અથવા એક માસનું ફિકસ પગારનું ચુકવણું કરી નોટીસ આપ્યા સિવાય તેમની સેવાઓનો અંત લાવી શકાશે.

(બ) કરાર આધારે ફિકસ પગારના કર્મચારી દ્વારા સ્વૈચ્છાએ છુટા થવાના કેસમાં કરારીય સમયગાળા દરમ્યાન એક માસની નોટીસ અથવા એક માસનો નોટીસ પગાર તથા કમિશનરશ્રી દ્વારા ઠાવવામાં આવે તેટલી બોન્ડની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૧૫) ઉમેદવારની આ પ્રમાણે કરાર આધારે ફિકસ પગારથી નિમણૂંક થયા બાદ આ નિયમોમાં કોઈપણ પ્રકારના સુધારા–વધારા થાય તો તેઓને તેવા સુધારા લાગુ પડશે.

ઉપરોકત શરતો અને બોલીઓ ઉમેદવારને કબુલ મંજુર છે.

(૧૬) ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના સુધારા ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૩)/ઝ.૧તા.૨૮/૨/૨૦૧૮ ની જોગવાઈઓ લાગુ પડશે.

ઉમેદવારનું નામ.................................

કચેરીના વડાની સહી.......................................

ઉમેદવારની સહી................................